ગાંધીનગર સમાચાર

દિલ્હીમાં વિમાનીમથકે રેડિયો એક્ટિવ લીક થતાં ખળભળાટ

નવીદિલ્હી,તા. ૨૯

દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે રેડિયો એક્ટિવ લીક થઈ જવાના બનાવથી આજે ભારે સનસનાટી મચી ગઈ હતી. ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકના ઈમ્પોર્ટ વેરહાઉસમાં તુર્કિસ એરલાઈનમાં લીક થયેલા ચાર પેકેટ મળી આવ્યા હતા. જીએમઆર, દિલ્હી પોલીસ, ફાયર અને એનડીઆરની ભાંગફોડ વિરોધી ટીમ દ્વારા મામલામાં ઉંડી તપાસ કરવામાં આવી હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૫૦ લોડર્સ બનાવના વખતે કામ કરી રહ્યા હતા. કાર્યકરોએ આંખમાં બળતરા અને અન્ય શ્રેણીબદ્ધ ફરિયાદો કરી હતી જેને લઈને તંત્રમાં ભાગદોડ મચી ગઈ હતી. નવીદિલ્હીમાં અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, બનાવની જાણ થતાં તમામ એંગલથી તપાસ હાથ ધરવામાં આવી હતી. વિમાની મથકે ફરજ પર રહેલા અધિકારીઓએ પણ આંખમાં ઈન્ફેક્શન અને બળતરા તથા તબિયત ખરાબ થઈ રહી હોવાની ફરિયાદ કરી હતી જેના લીધે ટર્મિનલની અંદર રહેલા તબીબોએ તરત જ ચકાસણી હાથ ધરી હતી. રેડિયોએક્ટિવ લીકને લઈને ભારે ખળભળાટ મચી ગયો હતો. પરિસ્થિતિ ઉપર તરત જ નજર રાખવામાં આવી હતી. ફોર્ટિસ હોસ્પિટલ માટે ઈસ્તાનબુલથી રેડિયોએક્ટિવનો જથ્થો લવાયો હતો. થેરાપેટિક ઉપયોગ માટે રેડિયોએક્ટિવ જથ્થો રહેલો છે. પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. એટોમિક મિનરલ ડિવિઝનના અધિકારીઓ પણ પહોંચી ગયા હતા. દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડના પ્રવક્તાએ કહ્યું હતું કે, મેડિકલ કન્સાઈન્મેન્ટની સામગ્રી રેડિયોએક્ટિવ સ્વરુપમાં હોવાની વિગત સપાટી ઉપર આવી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહને પણ આ અંગે જાણ કરવામાં આળી હતી. એટોમિક એનર્જી કમિશનના નિષ્ણાતો અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સના અધિકારીઓ પણ પહોંચ્યા હતા. સુરક્ષા અધિકારીઓએ આરોગ્યની કોઈ તકલીફ ઉભી ન થાય તે માટે તમામ પગલા લીધા હતા.

મેરઠમાં એક પરિવારના ૭ સભ્યો ઉપર એસિડ હુમલો

મેરઠ,તા. ૨૯

મેરઠમાં જીવલેણ એસીડ હુમલાથી ભારે ખળભળાટ મચી ગયો છે. છ મહિનાના નવજાત શિશુ સહિત એક પરિવારના સાત સભ્યો ઉપર એસિડ હુમલો કરવામાં આવ્યો હતો. બનેવી દ્વારા પરિવારના સભ્યો પર કરવામાં આવેલા આ હુમલા બાદ કેટલાકની હાલત ચિંતાજનક જણાવવામાં આવી છે. નિશાર નામની વ્યક્તિએ આક્ષેપ કર્યો છે કે, દહેજ સાથે સંબંધિત વિવાદ બાદ તેમના બનેવી દ્વારા પરિવારના સભ્યો ઉપર આ હુમલો કરવામાં આવ્યો હતો. આજે વહેલી પરોઢે બે વાગ્યાની આસપાસ સાજીદ અને સાકા નામના લોકો છત ઉપર જતાં રહ્યા હતા અને તેઓએ પરિવારના સભ્યો ઉપર એસિડ હુમલો કરી દીધો હતો. નિશારે કહ્યું હતું કે, તેમની પુત્રીના લગ્ન બે વર્ષ અગાઉ સાજીદ સાથે થયા હતા. હાલમાં જ તેઓએ પોતાનું ઘર વેચી માર્યું હતું અને આ વ્યક્તિએ વધુ દહેજની માંગ જારી રાખી હતી. ખતરનાક સાજીદે બે મહિના અગાઉ તેમની પુત્રી ઉપર કેરોસીન છાંટીને સળગાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. તે વખતે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. તે વખતે વિવાદનો ઉકેલ લાવવામાં આવ્યો હતો. તમામ એસિડ હુમલાનો શિકાર થયેલા લોકોને સ્થાનિક હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. ભારતમાં તાજેતરના વર્ષોમાં અનેક એસિડ હુમલાના બનાવ બન્યા છે. એસિડ હુમલાના બનાવને રોકવા માટે તંત્ર દ્વારા કેટલાક પગલા પણ લેવામાં આવ્યા છે.

એસિડ હુમલો કરનાર લોકો સામે વધુ કઠોર કાયદા પણ બનાવવામાં આવ્યા છે પરંતુ એસિડ હુમલાઓ વારંવાર બન્યા છે. હવે નવેસરના હુમલાથી દેશભરમાં ખળભળાટ મચી ગયો છે. દાઝી ગયેલાઓમાં છ મહિનાના નવજાત શિશુ ઉપરાંત પાંચ મહિલાઓનો સમાવેશ થાય છે.

મુસ્લિમો સામે પક્ષપાત અયોગ્ય : ચિદમ્બરમ

લઘુમતિવાદની નીતિને કોંગ્રેસે ક્યારે પણ આગળ વધારી નથી

નવી દિલ્હી,તા. ૨૯

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમે આજે એવી ટિપ્પણીને ફગાવી દીધી હતી કે, તેમની પાર્ટી લઘુમતિવાદની નીતિઓને આગળ વધારી રહી છે પરંતુ તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, મુસ્લિમો અને દલિત સહિત સમાજના અન્ય વર્ગો સામે પક્ષપાત કરવામાં આવે ત્યારે તેમની આંખો બંધ કરી શકાય નહીં. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, રાહુલ ગાંધીએ હાલમાં જ કેદારનાથ મંદિરની મુલાકાત લીધી હતી. હિન્દુ મતદારોને પ્રભાવિત કરવાનો આ હેતુ ન હતો પરંતુ લોકોમાં સામાન્ય ભાવના જગાવવાનો હતો. ચિદમ્બરમે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, આ પ્રકારના વિવાદાસ્પદ નિર્ણયો અંગે વાત કરવી યોગ્ય રહેશે નહીં. કેદારનાથ મંદિરની મુલાકાત લેતા પહેલા રાહુલે કહ્યું હતું કે, તેઓ દર્શન માટે પહોંચી રહ્યા છે. કેદારનાથ મંદિરના દ્વાર તે વખતે ખુલ્યા હતા. મુખ્યમંત્રીએ તેમને આમંત્રણ આપ્યું હતું. ભૂતપૂર્વ નાણામંત્રીએ ભારપૂર્વક કહ્યું હતું કે, દેશમાં દરેક વ્યક્તિ એક સમાન છે. થોડાક દિવસ પહેલા મિડિયામાં એવા અહેવાલ આવ્યા હતા કે મુસ્લિમ હોવાના કારણે એકને નોકરી મળી નથી. હવે એવા અહેવાલ આવ્યા છે કે, મુસ્લિમ હોવાના કારણે એક યુવતીને મકાન પણ મળ્યું નથી. આ પ્રકારની વાસ્તવિકતાની સામે આંખ બંધ કરી શકાય નહીં. આ પ્રકારના પગલાનો વિરોધ કરવામાં આવે તેવી નીતિ કોંગ્રેસની રહી છે. મુસ્લિમ અને સમાજના અન્ય વર્ગ સામે પક્ષપાતને ચલાવી લેવામાં આવશે નહીં. દલિતો સામે પણ પક્ષપાત થતો રહ્યો છે. કોંગ્રેસ દ્વારા ચલાવવામાં આવેલી લઘુમતિવાદની નીતિઓથી તેને ચૂંટણીમાં નુકસાન થયું છે. રાહુલ ગાંધીની પક્ષ પ્રમુખ તરીકે નિમણૂંકની શક્યતા અને ઘણા રાજ્યોમાંથી કોંગ્રેસની ચૂંટણીમાં હાર સહિતના મુદ્દા ઉપર ચિદમ્બરમે વાત કરી હતી. ચિદમ્બરમે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, કોંગ્રેસ ફરી એકવાર સત્તામાં વાપસી કરશે. ભૂતકાળમાં પણ આવું બન્યું છે. ચૂંટણી આવશે ત્યારે નવા સાથી પક્ષો ઉપર ચર્ચા થશે. ચિદમ્બરમે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, તેમની પાર્ટી શાનદાર દેખાવ કરશે. ૧૯૭૭માં કોંગ્રેસ ઉત્તરભારતમાંથી આઉટ થઈ ગઈ હતી પરંતુ ૧૯૮૦માં કોંગ્રેસની વાપસી થઈ હતી. આજે કોંગ્રેસની હાર થઈ છે પરંતુ અમે વાપસી કરવા ઈચ્છુક છીએ. ૧૯૮૪માં ભાજપની સ્થિતિ ક્યા હતી. માત્ર બે સાંસદો હતા. કોઈપણ જગ્યાએ તેમની સરકાર ન હતી. જ્યારે પણ ચૂંટણી આવશે ત્યારે સાથી પક્ષો અંગે નિર્ણય લેવાશે. ઘણા રાજ્યોમાં સત્તા જતી રહ્યા બાદ કોંગ્રેસની વાપસી થઈ નથી જેમાં તમિળનાડુ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઉત્તરપ્રદેશ અને બિહારનો સમાવેશ થાય છે.

દિલ્હી : હવામાં ટોક્સિનનું પ્રમાણ ખતરનાક બન્યું છે

નવીદિલ્હી, તા. ૨૯

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં હવાઈ પ્રદૂષણને લઈને ફરીએકવાર ચીંતાનું મોજુ ફરી વળ્યું છે. દિલ્હીમાં હવામાં ટોક્સિનનું ખતરનાક પ્રમાણ રહેલું છે. કારણ કે, ગરમી અને ધૂળનું પ્રમાણ પણ વધ્યું છે. દિલ્હીમાં ઉંચુ તાપમાન હાલ જોવા મળી રહ્યું છે જેના કારણે ઓઝોનની સપાટીમાં વધારો થયો છે.

ભારતીય હવામાન વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, દિલ્હીમાં ટોક્સિન ઓઝોનની સપાટીનું પ્રમાણ મંજુરીના પ્રમાણ કરતા ખુબ વધારે છે. છેલ્લા બે સપ્તાહના ગાળા દરમિયાન રાષ્ટ્રીય પાટનગરમાં ટોક્સિક ઓઝોનની સપાટી તેની ઉંચી સપાટીએ પહોંચી ગઈ છે. તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ પહોંચ્યું છે. બુધવારના દિવસે પાટનગરમાં એરક્વાલિટી ઈન્ડેક્સે તીવ્ર સપાટીને તોડી પાડી હતી. ઓઝોનના કારણે ફેફસાના રોગની તકલીફ વધી જાય છે. અસ્થમા અને ક્રોનિક રોગનું પ્રમાણ પણ વધે છે. દિલ્હીમાં અલ્ટ્રાવાયોલેટની સપાટી પણ સુરક્ષિત ધારાધોરણ કરતા વધારે જોવા મળી રહી છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, ધૂળ ભરેલી આંધીના કારણે પણ આ પ્રમાણ વધ્યું છે. ઓઝોન અને પીએમ ૨.૫ સાથે મળે તો લોકોના આરોગ્ય સાથે ખતરનાક રમત થઈ શકે છે. વૈજ્ઞાનિકો માને છે કે, ઓઝોનના પ્રમાણથી ઘણું નુકસાન આરોગ્યને થઈ શકે છે. દિલ્હી માટે યુવી ઈન્ડેક્સ ગુરુવારે ૭.૨ હતો જ્યારે સેફ રેંજ ૧થી ચાર વચ્ચેની છે.

કોલસા કૌભાંડમાં સીબીઆઈ દ્વારા ધડાકો કરાયો

ગુપ્તાએ મનમોહનસિંહથી ઘણી બાબતો છુપાવી હતી

નવી દિલ્હી,તા. ૨૯

સીબીઆઈએ આજે ખાસ અદાલતમાં કહ્યું હતું કે, ભૂતપૂર્વ કોલસા સચિવ એચસી ગુપ્તાએ તત્કાલિન વડાપ્રધાન મનમોહનસિંહથી ઘણી બધી બાબતો છુપાવી હતી. મનમોહનસિંહથી એવી વાત પણ છુપાવી હતી કે, ઝારખંડે છત્તીસગઢ કોલસા બ્લોકની ફાળવણી માટે સ્ટીલ ઉદ્યોગ લિમિટેડની વાત થઈ છે. આ ઉપરાંત ઝારખંડે વીની આર્યનની ભલામણ કરી નથી. ગુપ્તા, ઝારખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મધુ કોડા અને અન્યોને આવરી લેતા કેસમાં આરોપો ઘડવાના મામલે દલીલો દરમિયાન સીબીઆઈએ કહ્યું હતું કે, તમામ ટોપ અધિકારીઓ આ વાતથી વાકેફ હતા કે રાજ્ય સરકારે વીઆઈએસયુએલને કોલસા બ્લોકની ફાળવણી કરવાની ભલામણ કરી નથી પરંતુ વડાપ્રધાનને મોકલવામાં આવેલી ફાઈલમાં આ બાબતનો ઉલ્લેખ કરાયો ન હતો. મનમોહનસિંહ તે વખતે કોલસા મંત્રાલયની જવાબદારી સંભાળી રહ્યા હતા. વરિષ્ઠ પબ્લિક પ્રોસીક્યુટર વીકે શર્માએ ખાસ સીબીઆઈ જજ ભરત પરાશર સમક્ષ કહ્યું હતું કે, ગુપ્તાએ કોલસા પ્રધાનને મોકલવામાં આવેલી ફાઈલમાં આ હાઈલાઈટ્સનો ઉલ્લેખ કર્યો ન હતો. તે રાજ્ય સરકાર દ્વારા વીઆઈએસયુએલની ભલામણ કરવામાં આવી નથી પરંતુ ઝારખંડના તત્કાલિન ચીફ સેક્રેટરી અને આ કેસમાં આરોપી એકે બસુએ સ્ક્રીનિંગ કમિટિની બેઠકમાં ભારપૂર્વક કહ્યું હતું કે, વીઆઈએસયુએલને બ્લોક આપવામાં આવે તે જરૂરી છે. પ્રોસીક્યુરટરે વધુમાં કહ્યું હતું કે, ગુપ્તાએ ફાઈલમાં આના નામનો ઉલ્લેખ કર્યો ન હતો. કોલસા પ્રધાનને મોકલવામાં આવેલી ફાઈલમાં આનો ઉલ્લેખ પણ કરાયો ન હતો તે વખતે કોલસા મંત્રાલયની જવાબદારી મનમોહનસિંહ સંભાળી રહ્યા હતા. તેમની પાસેથી ઘણી બાબતો છુપાવવામાં આવી હતી. ગુપ્તાએ ૨૭મી મેના દિવસે એવી દલીલ કરી હતી કે, તત્કાલિન કોલસા પ્રધાન રહેલા મનમોહનસિંહ કોલસા બ્લોકની ફાળવણી કરવા માટે એક માત્ર સત્તા હતા. આજે દલીલો દરમિયાન સીબીઆઈએ કહ્યું હતું કે, મધુ કોડા, બસુ અને અન્ય બે અરાપીઅ વીઆઈએસયુએલની તરફેણ કરવા એક બીજા સાથે કાવતરા ઘડ્યા હતા. રાજ્ય સરકારે અન્ય બે કંપનીઓ માટે કોલસા બ્લોકની ફાળવણીની વાત કરી હતી પરંતુ આની તરફ ધ્યાન અપાયું ન હતું.

યોગા પ્રત્યે લોકોની ભાગીદારી વધારવા તૈયારી

મોદી રાજપથ પર ૨૧મી જૂને યોગા કરવા માટે ઉત્સુક બન્યા

પણજી, તા. ૨૯

સ્વચ્છતા અભિયાનને ધ્યાનમાં લઈને ઈન્ડિયા ગેટ નજીક ઝુંબેશ ચલાવતા નજરે પડ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે ૨૧મી જૂનના દિવસે આગામી મહિનામાં જાહેર કાર્યક્રમમાં યોગા કરનાર છે. યોગામાં સામાન્ય લોકો વધારે જાગૃત થાય અને આમા જોડાય તે હેતુસર મોદી રાજપથ ખાતે યોગા કરનાર છે.

સરકારી અધિકારીઓના જણાવ્યા મુજબ વડાપ્રધાન પોતે રાજપથ ખાતે આયોજિત કાર્યક્રમમાં શ્વાસ નિયંત્રણ અને શારીરિક કસરતને લઈને તમામ લોકોને મહત્વની માહિતી આપશે. દરમિયાનમાં આંતરરાષ્ટ્રીય યોગા દિવસની તૈયારીની સમીક્ષા કરવા વડાપ્રધાને આજે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી અને ભારપૂર્વક કહ્યું હતું કે, યોગા સેન્ટર પોતે ઉર્જાના કેન્દ્ર છે. મોદીએ સંકલનના પ્રયાસોને તીવ્ર બનાવવાની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે જુદા જુદા મંત્રાલયોને આ હેઠળ આવરી લેવામાં આવશે. લોકો પણ સક્રિયરીતે ભાગ લે તે ખુબ જ જરૂરી છે. પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગાદિવસને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. પીએમઓ તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, વડાપ્રધાન ઉત્સુકતાપૂર્વક યોગાદિવસમાં ભાગ લેવા ઈચ્છુક છે. તેમણે એમપણ કહ્યું હતું કે, યોગા પ્રેક્ટિસ કરનાર લોકો, ધાર્મિક નેતાઓ અને અન્ય વરિષ્ઠ લોકોને આમા આવરી લેવામાં આવશે. સમાજના જુદા જુદા વર્ગના લોકોને આમા સામેલ કરવામાં આવશે.

વર્ષ ૨૦૨૨ સુધી તમામને ઘર આપવાનો મોદીનો હેતુ

મહત્વકાંક્ષી તમામ માટે આવાસ યોજના આગામી મહિનામાં લોંચ

નવી દિલ્હી,તા. ૨૯

એનડીએ સરકાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સૌથી મહત્વકાંક્ષી સ્કીમને લોંચ કરવાની તૈયારી કરી ચુકી છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨ સુધી તમામ લોકોને આવાસ આપવાનો ઉદ્દેશ્ય રહેલો છે. મોદી આ સ્કીમને વ્યાપક મિશન હેઠળ લોંચ કરવાની ઈચ્છા ધરાવે છે. જેમાં સસ્તા આવાસવાળા તમામ હાઉસિંગ અને સ્લમ રિ ડિવેલપમેન્ટ પ્રોજેક્ટને જોડી દેવામાં આવનાર છે. શહેરી વિસ્તારમાં બે લાખ અને ગ્રામીણ વિસ્તારમાં ચાર લાખ આવાસ ઉપલબ્ધ કરવાનો હેતુ રહેલો છે. શહેરી વિકાસ અને ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા પોત પોતાની યોજનાને અંતિમ ઓપ આપી દીધો છે. સુત્રોએ કહ્યું છે કે વડાપ્રદાન નરેન્દ્ર મોદી હવે ક્યારેય આ સ્કીમને લોંચ કરવા માટે સમય કાઢે છે તે મહત્વપૂર્ણ બાબત છે. જુનના મધ્ય સુધી સ્કીમ લોંચ કરવામાં આવી શકે છે. સુત્રોએ એક અગ્રણી અગ્રેજી અખબારને કહ્યુ છે કે તમામ પ્રધાન હાલમાં સરકારની પ્રથમ વર્ષગાંઠ સાથે જોડાયેલા કાર્યક્રમોમાં વ્યસ્ત છે.

આ ખુબ મોટી પહેલ છે જેથી લોન્ચિંગ પણ મોટા પાયે ધડાકાની સાથે જ કરવામાં આવનાર છે. સરકારે પહેલા આ યોજનાને સરદાર પટેલ મિશન નામ રાખવાની વિચારણા કરી હતી. હવે દેશની સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠ છે ત્યારે આનુ નામકરણ પણ એ રીતે જ કરવામાં આવનાર છે. આ નવા મિશન હેઠળ હાઉસિંગ અને ગરીબી નાબુદી તેમજ ગ્રામીણ વિકાસ મંત્રાલયની તમામ વર્તમાન સ્કીમોને સામેલ કરવામાં આવનાર છે. રાજીવ આવાસ યોજના, રાજીવ લોન યોજના જેવી તમામ સ્કીમોને આ મિશનમાં સામેલ કરવામાં આવનાર છે. મોદી આ સ્કીમને લઈને ભારે આશાવાદી બનેલા છે. ઝુંપડપટ્ટીમાં રહેનાર લોકોને રિયલ એસ્ટેટ ડેવલોપર મારફતે બનાવવામાં આવેલી મલ્ટીસ્ટોરી બિલ્ડિંગમાં મફતમાં ફ્લેટ આપવામાં આવશે. સરકાર આ જમીનના એક હિસ્સામાં ડેવલોપર્સને કોમર્શિયલ કન્સ્ટ્રક્શનની મંજુરી પણ આપશે જેના મારફતે ડેવલોપર્સ કમાણી કરી શકશે.

શહેરી વિકાસ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, કેટલાક પ્રોજેક્ટમાં સરકાર ફંડિંગની અછતને દૂર કરવાના પ્રયાસ કરશે. સરકાર આર્થિક તરીકાથી નબળા વર્ગ અને ઓછી આવક ધરાવતા ગ્રુપની કેટેગરીમાં આવનાર લોકોને ઘર બનાવવા માટે લોન પર વ્યાજ સબસિડીમાં વધારો કરવાની તૈયારીમાં છે. સૂત્રોએ કહ્યું છે કે, નવા મિશન હેઠળ સબસિડી વધારવાની સાથે સાથે લોનની રકમ પણ પાંચ લાખથી વધારીને ૧૦ લાખ સુધી કરવામાં આવી શકે છે. આ મિશનના ઘણા હેતુ રહેલા છે જે પૈકી એક હેતુ જરૂરિયાતવાળા લોકોને ઘર બનાવવા અથવા તો તેને અપગ્રેડ કરવા માટે તરત સહાય આપવામાં આવશે.

બાંગ્લાદેશ પ્રવાસ : મોદીની સાથે મમતા બેનર્જી પણ જશે

કોલકત્તા,તા. ૨૯

પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જી પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે બાંગ્લાદેશના ઐતિહાસિક પ્રવાસમાં સામેલ થશે. તૃણમૂળ કોંગ્રેસના એક નેતા દ્વારા આ અંગેની જાહેરાત કરવામાં આવતા રાજકીય

વર્તુળોમાં પણ તર્કવિતર્કનો દોર શરૂ થયો છે. રાજ્યના શિક્ષણ અને સંસદીય કાર્યપ્રધાન પાર્થ ચેટર્જીએ કહ્યું હતું કે મુખ્યપ્રધાન વડાપ્રધાનની સાથે આગામી મહિનામાં બાંગ્લાદેશ જશે. અમને આશા છે કે બન્ને બંગાળની વચ્ચે સંબંધ મજબુત થશે. પશ્ચિમ બંગાળ અને બાંગલાદેશ વચ્ચે વધારે કોઈ અંતર નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે અમે એક ભાષા બોલી રહ્યા છીએ. બન્નેના રાષ્ટ્રીય ગીતની રચના એક જ વ્યક્તિ રવિન્દ્રનાથ ટાગોરે કરી હતી. અમને લાગે છે કે વડાપ્રધાન મોદી અને મુખ્યપ્રધાન મમતાની આ યાત્રા બન્ને દેશો વચ્ચે સંબંધોને નવી ઉંચાઈ પર લઈ જવામાં મદદરૂપ રહેશે. આમાં પશ્ચિમ બંગાળના હિતો પણ સામેલ છે. પાર્થ ચેટર્જીએ કહ્યું હતું કે તેઓ નક્કરપણે માને છે કે બંગાળના હિતો સાથે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહી. બન્ને દેશોના લોકો ખુબ સારા સંબંધ ઈચ્છે છે. આ અગાઉ મમતા બેનર્જી જમીન સરહદ સમજુતી પર સહમત થઈ ગયા હતા. જે કરાર લાંબા સમયથી અટવાયેલો હતો. મમતા બેનર્જીની આ બીજી બાંગ્લા યાત્રા છે. તીસ્તા જળ સમજુતી અંગે પુછવામાં આવતા પાર્થ ચેટર્જીએ કહ્યુ હતું કે આ સંબંધમાં તેમની પાસે કોઈ માહિતી નથી. પરંતુ મોદી અને મમતાની યાત્રા ઐતિહાસિક સાબિત થશે તેઓ દાવો પાર્થ દ્વારા કરવામાં આવ્યો હતો. છેલ્લા કેટલાક દિવસથી મમતા અને મોદી વચ્ચેના સંબંધો મજબુત બની રહ્યા છે. બન્ને હાલમાં એક મંચ પરઆવ્યા હતા. આક્ષેપ પ્રતિઆક્ષેપોનો દોર ચૂંટણીમાં ચાલ્યો હતો.

દેશમાં આગામી બે દિવસ હિટવેવ રહેવાની ચેતવણી : મૃતાંક ૧૮૫૦

નવી દિલ્હી,તા. ૨૯

દેશભરમાં હિટવેવના કારણે મોતનો આંકડો વધીને ૧૮૫૦થી ઉપર પહોંચી ગયો છે. હિટવેવના કારણે દક્ષિણ ભારતના રાજ્ય આંધ્રપ્રદેશમાં મોતનો આંકડો સૌથી વધારે ૧૩૫૦ સુધી પહોંચી ગયો છે. ગયા વર્ષે સમગ્ર વર્ષદરમિયાન ગરમીના કારણે જે મોત થયા હતા તેની સરખામણીમાં વધારે મોત ૧૮મી મે બાદથી થઈ ગયા છે. પડોશી તેલંગાણામાં મોતનો આંકડો ૪૫૦થી ઉપર પહોંચી ગયો છે. ઓરિસ્સામાં ગરમીના કારણે ૪૩ લોકોના મોત થયા છે. ગુજરાતમાં સાત લોકોના મોત થયા છે જ્યારે દિલ્હીમાં બે લોકોના મોત થયા છે. આગામી બે દિવસ સુધી હિટવેવની સ્થિતિ યથાવત રહેવાની ચેતવણી હવામાન વિભાગ તરફથી જારી કરાઈ છે. તેલંગાણામાં ગઈકાલ બાદથી સેંકડો લોકોના મોત થઈ ચુક્યા છે. ૧૫મી એપ્રિલ બાદથી નારગોંડા જિલ્લામાં ૧૨૬ના મોત થયા છે. જ્યારે આંધ્રમાં મૃતાંક ૧૩૫૦ નોંધાયો છે.

પારો કેટલીક જગ્યાએ ૪૮થી ઉપર પહોંચી ગયો છે. સૌથી વધુ મોત આંધ્રપ્રદેશ અને તેલંગણામાં થયા છે. સત્તાવાર આંકડા મુજબ આંધ્રપ્રદેશમાં મોતનો આંકડો ૧૩૫૦ અને તેલંગણામાં મોતનો આંકડો ૪૫૦ સુધી પહોંચી ગયો છે. ગઈકાલ બાદથી સેંકડો લોકોના મોત થયા છે. સરકારી અને ખાનગી હોસ્પિટલમાં ગરમી સંબંધિત રોગના કારણે દર્દીઓનો ભરાવો થઈ રહ્યો છે. ઓરિસ્સામાં ૪૩ લોકોના મોતને સમર્થન મળી ચુક્યું છે. જ્યારે પશ્ચિમ બંગાળમાં ૧૩ના મોત થઈ ચુક્યા છે. મહારાષ્ટ્રમાં બેના મોત થયા છે. એકંદરે દરેક રાજ્યમાં મોતનો આંકડો વધી રહ્યો છે. દિલ્હીમાં બે લોકોના મોતને સમર્થન મળ્યું છે. તમામ જગ્યાઓએ લોકોની હાલત કફોડી બનેલી છે.મોટા ભાગના રાજ્યોમાં પારો ૪૫ની આસપાસ રહ્યો છે. દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, પંજાબ, વિધર્ભ અને ઓરિસ્સાના જુદા-જુદા ભાગોમાં તીવ્ર ગરમીનું મોજું રહેશે. હિટવેવના કારણે આવતીકાલે પણ કોઈ રાહત નહીં મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. હવામાન બુલેટિનની આગાહીમાં જણાવાયું છે કે, ઘણા પગલા તંત્ર દ્વારા લેવાઈ રહ્યા છે. આંધ્રપ્રદેશ, તેલંગાણા, વિધર્ભમાં ૨૯મી મે બાદથી તાપમાનમાં બે ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે છે અને સામાન્ય લોકોને રાહત મળી શકે છે.હિટવેવની ચેતવણીથી લોકોની તકલીફ વધી ગઈ છે. આંધ્ર અને તેલંગાણા ઉપરાંત રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, પંજાબ અને હરિયાણા સહિતના રાજ્યો પણ ગરમીની ભટ્ટીમાં શેકાઈ રહ્યા છે. તમામ જગ્યાએ પારો ખુબ ઉંચી સપાટી પર પહોંચી ગયો છે.

ગરમીનો પ્રકોપ જારી...

- દેશભરમાં કિલર લુના કારણે લોકો ભારે બેહાલ
- દેશભરમાં લુ અને અન્ય ગરમી સંબંધિત તકલીફથી મોતનો આંકડો વધીને ૧૮૫૦થી ઉપર પહોંચ્યો
- આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં મોતનો આંકડો સૌથી વધારે
- આંધ્રપ્રદેશમાં મોતનો આંકડો વધીને ૧૩૫૦થી ઉપર પહોંચ્યો
- તેલંગાણામાં મોતનો આંકડો ૪૫૦થી ઉપર પહોંચ્યો
- દેશના મોટા ભાગના રાજ્યોમાં પારો ૪૫થી ઉપર રહ્યો છે
- ઓરિસ્સાના અંગુલમાં મહત્તમ તાપમાન ૪૭ ડિગ્રી રહ્યું છે
- ઓરિસ્સામાં હિટવેવ સંબંધિત બનાવમાં ૪૩ લોકોના મોત થયા છે
- મૃતકના પરિવારને એક-એક લાખના વળતરની જાહેરાત
- મોટાભાગના વિસ્તારોમાં તીવ્ર ગરમીથી જનજીવન સંપૂર્ણ ખોરવાયું
- આગામી બે દિવસ હિટવેવ રહેવાની ચેતવણી

રાજનાથસિંહની ચેતવણી બાદ ધ્વજ

અલગતાવાદીની રેલીમાં પાકના ધ્વજ લહેરાવાયા

શ્રીનગર, તા. ૨૯

જમ્મુ કાશ્મીરમાં ફરી એકવાર પાકિસ્તાન ધ્વજ જોવા મળી રહ્યા છે. અનંતનાગમાં અલગતાવાદી નેતા શબ્બીર શાહની રેલીમાં ઓછામાં ઓછા

ત્રણ પાકિસ્તાની ધ્વજ જોવા મળતા વિવાદ છેડાઈ ગયો છે. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે હાલમાં જ કહ્યું હતું કે, કાશ્મીરની જમીન ઉપર પાકિસ્તાની ધ્વજ લહેરાવવાને કોઈપણ કિંમતે ચલાવી લેવામાં આવશે નહીં. રાજનાથસિંહે ચેતવણી આપ્યાના બે દિવસ બાદ આ બનાવ બન્યો છે. છેલ્લા સપ્તાહમાં જ હુર્રિયતના ચેરમેન મીરવાઈઝ ઉમર ફારુકના નેતૃત્વમાં કેટલાક સમર્થકો કાશ્મીરમાં પાકિસ્તાની ધ્વજ લહેરાવ્યા હતા. ત્રાસવાદી સંગઠન લશ્કરે તોઈબાના ધ્વજ પણ જોવા મળ્યા હતા. સુરક્ષા દળો ઉપર જોરદાર પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો. અનંતનાગ જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી મુફ્તી મોહમ્મદ સઈદના મતવિસ્તાર તરીકે છે. પાકિસ્તાની ધ્વજ જમ્મુ કાશ્મીરમાં હાલમાં અનેક વખત લહેરાવવામાં આવી ચુક્યા છે. અગાઉ કટ્ટરપંથી નેતા મસરતને પાકિસ્તાની ધ્વજ લહેરાવવા અને પાકિસ્તાન તરફ સૂત્રોચ્ચાર કરવા બદલ જેલ ભેગો કરવામાં આવ્યો હતો. ૧૫મી એપ્રિલના દિવસે આ બનાવ બન્યો હતો. પાકિસ્તાનના કટ્ટરપંથી લોકો ઉશ્કેરણીજનક કૃત્ય કરી રહ્યા છે. જેના પરિણામ સ્વરુપે પાકિસ્તાની ધ્વજ લહેરાવવામાં આવી રહ્યા છે. કટ્ટરપંથી મસરતને છોડી મુકવામાં આવ્યા બાદ હાલમાં ભારે હોબાળો થયો હતો.